# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-03-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## ધુળેટી પર્વની ઉજવણી:

આજે રંગ ગુલાલનાં ધુળેટી પર્વની પરંપરાગત ઉજવણી થઈ રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ દેશવાસીઓને હોળીના પર્વની શુભેચ્છાઓ પાઠવી છે. રાષ્ટ્રપતિએ કહ્યું, રંગોનો આ તહેવાર આનંદ અને ઉત્સાહ લઈને આવે છે. આ તહેવાર આપણા જીવનમાં એકતા અને ભાઈચારાની ભાવનાને વધારે છે તેમજ હોળીના વિવિધ રંગ આપણા સમાજમાં એકતા અને વિવિધતાના મૂલ્યોને દર્શાવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે હર્ષોલ્લાસ અને આનંદથી ભરેલો આ તહેવાર તમામના જીવનમાં એક નવો ઉત્સાહ અને ઊર્જા ભરશે. તેમ જ દેશવાસીઓમાં એકતાનો રંગ વધુ ગાઢ બનાવશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાગરિકોને હોળીની શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું, હોળીનો તહેવાર પરસ્પર પ્રેમ, સૌહાર્દ અને પ્રકૃતિના રંગોથી જીવનને સજાવવાનો સંદેશ આપે છે. જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હોળીને સામાજિક સમરસતાને ઉજાગર કરતો પર્વ ગણાવી નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

--------------------------------------------------------------------------------

## ધુળેટી પર્વ ઉજવણી-કચ્છ:

**દરમ્યાન ગઈ સાંજે જીલ્લામાં વિધિ પૂર્વક ઠેર ઠેર હોળી પ્રગટાવ્યા બાદ આજે સવાર થી જ લોકો એક બીજાને રંગવા નીકળી પડશે. છેલ્લી ઘડી સુધી રંગ ગુલાલ પિચકારીની લોકોએ ખરીદી કરી હતી. આજે ફૂલ ડોલ ઉત્સવનું વિશેષ મહત્વ છે સ્વામિનારાયણ સંપ્રદાયના**

**મંદિરોમાં આજે ફૂલ ડોલ ઉત્સવ ઉજવાશે. પુરાણ પ્રસિદ્ધ યાત્રાધામ નારાયણ સરોવરમાં ત્રીકમ રાયના મંદિરમાં ગઈ સાજે હોળી પ્રગટાવવામાં આવી હતી જ્યારે આજે કુલ્ડોલ ઉત્સવની ઉજવણી થશે.**

---

## વેવ્સ વિશ્વ ઓડિયો વિઝ્યુઅલ સંમેલન :

**આગામી મે-2025 થી મુંબઈમાં યોજાનાર વેવ્સ એટલે કે વિશ્વ ઓડિયો વિઝ્યુઅલ સંમેલન માટે કેન્દ્ર સરકાર દ્વારા તૈયારીઓ ચાલી રહી છે ગઈકાલે સુષ્મા સ્વરાજ ભવન નવી દિલ્હી ખાતે કેન્દ્ર સરકારે ઓડિયો વિઝ્યુઅલ અને મનોરંજન શિખર સંમેલન 2025 નું આયોજન કર્યું હતું. સુચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા મે -2025 મા યોજાનાર કાર્યક્રમ પહેલા વિભિન્ન સરકાર સાથે મહત્વપૂર્ણ વૈશ્વિક મીડિયા સંવાદમાં ભાગીદારીને સુનિશ્ચિત કરાઈ હતી. શિખર સંમેલન મીડિયા અને મનોરંજનને આંતરરાષ્ટ્રીય સહયોગ આપવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રી ડોક્ટર એચ જયશંકર, અશ્વિની વૈષ્ણવ સહિતના નેતાઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ અવસર પર સૂચના અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે "ઝડપથી બદલાતા વિશ્વની સાથે દ્રશ્ય, શ્રાવ્ય અને મનોરંજનનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે.વેવ્સ મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં જોડાયેલા નવા ક્રિએટર્સ માટે એક પ્લેટફોર્મનું કામ કરશે.**

---

## કે.ગૃહમંત્રી-અમિત શાહ:

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું કે આંતરમાળખાની દ્રષ્ટિએ ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને છે. અમદાવાદમાં 146 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન અને શિલાન્યાસ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે સાણંદ વિસ્તારમાં ૫૦૦ પથારીવાળી નવી હોસ્પિટલ સ્થાપવામાં આવશે.

શ્રી શાહે અનેક વિકાસકાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો જેમાં અમદાવાદ-વિરમગામ રેલવે ટ્રેક પર અંદાજે એક કિલોમીટર લાંબો રેલવે ઓવરબ્રિજ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 147 પર નર્મદા કેનાલ પર 4 લેન બ્રિજ અને સરખેજ-ગાંધીનગર હાઇવે પર છારોડી ખાતે 45 કરોડ રૂપિયાના ખર્ચે ફ્લાયઓવર બ્રિજ, કલોલમાં 300 પથારીવાળી સરકારી હોસ્પિટલનો સમાવેશ થાય છે.

-----------------------------------------------------------------------------------------

## મહિલા ક્રિકેટ:

**મહિલા પ્રીમિયર લીગનાં અંતિમ જંગમાં દિલ્હી કેપિટલ અને મુંબઈ ઇન્ડિયન્સ ટીમો વચ્ચે રમાશે  ગઈકાલે અંતિમ એલી.મીનેશન મેચમાં મુંબઇ ઇન્ડિયન્સની ટીમે ગુજરાત જાયન્ટસ ટીમને  47 રને હરાવી અંતિમ જંગમાં પ્રવેશ કર્યો હતો. મુંબઈ ની ટીમે 4 વિકેટ નાં ભોગે 213 રન કર્યા  હતા જવાબમાં ગુજરાતની ટીમ 166 રન કરી શકી હતી અંતિમ જંગ આવતીકાલ શનિવારે રમાશે.**

-----------------------------------------------------------------------------------------

## હવામાન:

**હોળી તપવા સાથે ગઈકાલે રણ પ્રદેશ જનજીવન પણ તાપમાં તપ્યું હતું. કંડલા એરપોર્ટ પર પણ 41 ડિગ્રી સેલ્સિયસ તાપ સાથે વરસામેડી, ગળપાદર, અંજાર સહિત વિસ્તારો  સૌથી વધુ ગરમ રહ્યા હતા. હવામાન વિભાગ દ્વારા આજે સૌરાષ્ટ્ર કચ્છમાં ખાસ કરીને રાજકોટ, પોરબંદર અને કચ્છમાં હીટવેવ એટલે કે યલો એલર્ટ જારી કરાયું છે. જીલ્લા મથક ભુજમાં ગઈકાલે 38.6 ડિગ્રી, જયારે કંડલામાં 40 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ હતું.**

-----------------------------------------------------------------------------------------

# શિક્ષણમંત્રી-RTE:

ગુજરાત સરકારે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ એડમિશન માટે ગ્રામ્ય વિસ્તારમાં 1.20 લાખ અને શહેરી વિસ્તારમાં 1.50 લાખની આવક મર્યાદા વધારીને 6 લાખ કરવાની વિચારણા હાથ ધરાઈ છે.

શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનસેરિયા સરકાર જણાવ્યું કે આ અંગે વિચારણા કરી રહી છે અને એક બે દિવસમાં નિર્ણય લઇ શકે છે

---